સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

# ICE CURRENT NEWS





આપની તૈયારીને સર્વશ્રેષ્ઠ બનાવવા અમે લાવ્યા છીએ :

**ICE CURRENT NEWS**

કરંટ અફેર્સની તૈયારી હવે વધુ સરળ અને ઝડપી બનાવવા આજે જ સબસ્ક્રાઈબ કરો અમારી YouTube ચેનલ

ICE RAJKOT

દરેક નવા વીડિયોના **NOTIFICATION** માટે **BELL** icon **PRESS** કરો.



**સંપાદક**

**મૌલિક ગોંધિયા**

(Director - ICE)


[JULY-2019]

[07/07 to 13/07]

# WEEK-28

## CURRENT TOPIC

- ભારતની 38મી વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે જયપુરનો સમાવેશ
- ભારતીય રેલવે દ્વારા ભારતની સૌથી લાંબી ‘Electrified tunnel’નું નિર્માણ કરવામાં આવ્યું
- સ્વદેશી એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલ ‘નાગ’ના એક દિવસમાં ત્રણ સફળ પરીક્ષણ
- મહિલા ફૂટબોલ વર્લ્ડકપ 2019માં નેધરલેન્ડસને પરાજય આપી અમેરિકા ચેમ્પિયન
- અમેરિકામાં ગ્રીન કાર્ડ પરની દેશ આધારિત 7 ટકા મર્યાદા રદ કરતો ખરડો પસાર
- ગુજરાતના પ્રથમ ઈથેનોલ પ્લાન્ટનું લોકાર્પણ


t.me/icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot

SADGURU COMPLEX, 2nd FLOOR, NR. AKSHAR MANDIR,
KALAWAD ROAD, RAJKOT-360001.
CALL : 9375701110 / 9328001110

**7 JULY, 2019 SUNDAY**

## ➢ દિવસ મહિમા : 7 જુલાઈ, વિશ્વ ચોકલેટ દિવસ

## ➢ FIH Women's Series Finals 2019માં ભારત વિજેતા

તાજેતરમાં જાપાનના હિરોશિમા ખાતે યોજાયેલી હોકીની FIH Women's Series Finals 2019 ટુર્નામેન્ટ ભારતે જીતી લીધી છે.

- આ ટુર્નામેન્ટની ફાઈનલ મેચમાં જાપાનને 3-1થી પરાજય આપીને ભારતીય મહિલા હોકી ટીમે આ ટુર્નામેન્ટ જીતી લીધી છે.
- આ ટુર્નામેન્ટમાં ભારતીય હોકી ટીમના કેપ્ટન સુશ્રી રાની રામપાલ 'પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ' જાહેર થયા હતા.

**નોંધ :** (1) FIHનું પૂરું નામ "The Federation Internationale de Hockey" છે.

(2) વૈશ્વિક સ્તરે હોકીની રમતનું સંચાલન FIH દ્વારા કરવામાં આવે છે.

(3) FIHનું વડુંમથક સ્વિત્ઝર્લેન્ડના લૌસેન નામના શહેરમાં આવેલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ➤ ગુજરાતના પ્રથમ ઈથેનોલ પ્લાન્ટનું લોકાર્પણ

તાજેતરમાં ગુજરાતના નાયબ મુખ્યમંત્રી **શ્રી નીતિનભાઈ પટેલ**ના હસ્તે ગુજરાતના **નર્મદા જિલ્લા**માં **ગુજરાત**ના **પ્રથમ** અને **ભારતના ત્રીજા 45 KLPD ઈથેનોલ પ્લાન્ટ**નું લોકાર્પણ કરવામાં આવ્યું છે.

- ગુજરાતમાં **નર્મદા** જિલ્લાના **નાંદોદ** તાલુકાના **ધારીખેડા** નામના ગામમાં આવેલી **શ્રી નર્મદા ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ.**માં આ ઈથેનોલ પ્લાન્ટનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- રૂ. 60 કરોડના ખર્ચે તૈયાર થયેલા આ ઈથેનોલ પ્લાન્ટમાં **શેરડીના પીલાણમાંથી** દૈનિક 40 હજાર લિટર **ઈથેનોલ**નું ઉત્પાદન થશે.
- ગુજરાતમાં અત્યાર સુધી સુગર મિલોમાં **શેરડી**નાં પીલાણના બાય પ્રોડકટ **મેલાસીસ**માંથી **ઈથેનોલ** બનાવવામાં આવતું હતું.
- જ્યારે આ નવા પ્લાન્ટમાં આધુનિક ટેક્નોલોજીની મદદથી **શેરડી**નાં પીલાણમાંથી સીધે સીધું જ **ઈથેનોલ** બનશે. આથી, તેના ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થતાં અને ઉત્પાદકતા વધતા ખેડૂતોને લાભ થશે.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ભારતીય રેલવે દ્વારા ભારતની સૌથી લાંબી 'Electrified tunnel'નું નિર્માણ કરવામાં આવ્યું



**દક્ષિણ કેન્દ્રીય રેલવે** દ્વારા તાજેતરમાં **ભારતની સૌથી લાંબી 'Electrified tunnel' (વિદ્યુતિકૃત સુરંગ)**નું નિર્માણ કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે.

### ટનલની વિશેષતા

- આ ટનલની લંબાઈ **6.6 કિલોમીટર** છે.
- **આંધ્રપ્રદેશ**ના **નેલ્લોર** જિલ્લાના **ચેર્લોપલ્લી અને રાપુરુ** નામના **રેલવે સ્ટેશનો** વચ્ચે આ ટનલ આવેલી છે.
- રૂ. 460 કરોડના ખર્ચે તૈયાર થયેલી આ સુરંગ 113 કિલોમીટર લાંબી **ઓબુલાવરીપલ્લી-વેંકટચલમ - કૃષ્ણાપટનમ પોર્ટ રેલવે લાઈન**નો એક ભાગ છે.
- આ સુરંગનું નિર્માણ **'ન્યુ ઓસ્ટ્રેલિયન ટનલિંગ મેથડ'**થી કરવામાં આવ્યું છે.
- આ સુરંગના નિર્માણથી **ઓબુલાવરીપલ્લી અને કૃષ્ણાપટનમ પોર્ટ** વચ્ચેની મુસાફરીમાં **5 કલાક**નો ઘટાડો થશે.
- ભારતીય રેલવેના **સાઉથ સેન્ટ્રલ રેલવે ઝોન**માં આવેલી આ ટનલથી **સાઉથ કોસ્ટ અને વેસ્ટ કોસ્ટ** વચ્ચે સીધી રેલ કનેકટીવિટી ઉપલબ્ધ થશે.

### ICE Questions

**1.** વિશ્વ ચોકલેટ દિવસ તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 5 જુલાઈ (B) 6 જુલાઈ (C) 7 જુલાઈ (D) 8 જુલાઈ — **(C)**

**2.** તાજેતરમાં કઈ જગ્યાએ યોજાયેલી હોકીની FIH Women's Series Finals 2019 ભારતીય મહિલા હોકી ટીમે જીતી લીધી છે ?
(A) પેરિસ, ફ્રાન્સ (B) લંડન, ઈંગ્લેન્ડ (C) હેંગ્ઝુ, ચીન (D) હિરોશિમા, જાપાન — **(D)**

**3.** તાજેતરમાં જાપાનના હિરોશિમા ખાતે યોજાયેલી હોકીની FIH Women's Series Finals 2019ની ફાઈનલ મેચમાં કોને પરાજય આપીને ભારતીય મહિલા હોકી ટીમે આ ટુર્નામેન્ટ જીતી લીધી છે ?
(A) ચીન (B) મલેશિયા (C) જાપાન (D) રશિયા — **(C)**

**4.** તાજેતરમાં ગુજરાતમાં કઈ જગ્યાએ આવેલી શ્રી નર્મદા ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ.માં ગુજરાતના પ્રથમ અને ભારતના ત્રીજા 45 KLPD ઈથેનોલ પ્લાન્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું છે ?
(A) ધારીખેડા, સાગબારા (નર્મદા) (B) ધારીખેડા, તિલકવાડા (નર્મદા)
(C) ધારીખેડા, નાંદોદ (નર્મદા) (D) ધારીખેડા, ગરુડેશ્વર (નર્મદા) — **(C)**

**5.** તાજેતરમાં ગુજરાતમાં નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના ધારીખેડા નામના ગામમાંથી શેના પીલાણમાંથી ઈથેનોલ મેળવવા માટે ગુજરાતના પ્રથમ ઈથેનોલ પ્લાન્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું છે ?
(A) મહુડો (B) વાંસ (C) મકાઈ (D) શેરડી — **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

6. ભારતીય રેલવે દ્વારા નિર્માણ પામેલી ભારતની સૌથી લાંબી 'Electrified tunnel' (વિદ્યુતિકૃત સુરંગ)ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?

1. ભારતીય રેલવેના સાઉથ સેન્ટ્રલ ઝોન દ્વારા તેનું નિર્માણ થયું છે.
2. તમિલનાડુના નેલ્લોર જિલ્લાના ચેર્લોપલ્લી અને રાપુરુ નામના સ્ટેશનો વચ્ચે આ ટનલ આવેલી છે.
3. તેની લંબાઈ 6.6 કિલોમીટર છે.
4. આ ટનલ 113 કિલોમીટર લાંબી ઓબુલાવરીપલ્લી–વેંકટચલમ–કૃષ્ણાપટનમ પોર્ટ રેલવે લાઈનનો એક ભાગ છે.
5. તે સાઉથ કોસ્ટ અને વેસ્ટ કોસ્ટને જોડે છે.

Ans. : (A) 1, 2, 3, 4, 5 (B) 1, 2, 3, 4 (C) 1, 3, 4, 5 (D) 1, 3, 4 **(C)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

આર્થિક સમૃદ્ધિ, સામાજિક પ્રતિષ્ઠા સલામત નોકરીની સંયુક્ત કારકિર્દી એટલે જ ગુજરાત સરકાર

ગુજરાત સરકારની વર્ગ-3ની તમામ ભરતીઓ માટે

બિનસચિવાલય કલાર્ક

સ્પેશિયલ બેચ

10% Discount

ફ્રી ટ્રાયલ લેક્ચર

18/07/19

સવારે-બપોરે-સાંજે

રજિસ્ટ્રેશન ફરજિયાત

10 Mega Test Paper

MEGA TEST SERIES ON OMR SHEET

32+ Weekly Test

2012 - 18 1237+ સફળ ઉમેદવાર

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

76985-01110
76986-01110

2nd Floor, Perry plaza Complex, Near Alkapuri Society, Zanzarda Road, Junagadh.

જુનાગઢ

**8 JULY, 2019 MONDAY**

## ➤ ભારતની 38મી વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે જયપુરનો સમાવેશ



તાજેતરમાં **યુનેસ્કો**ની વર્લ્ડ હેરિટેજ સાઈટમાં **'જયપુર'**નો સમાવેશ કરવામાં આવ્યો છે.

- વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સામેલ થનાર આ **ભારતની 38મી સાઇટ** છે.
- **અઝરબૈજાન**ની રાજધાની **બાકુ** ખાતે યોજાયેલા વર્લ્ડ હેરિટેજ સમિતિના **43મા સત્ર**માં આ સાઈટને વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સમાવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.
- આ સત્રમાં વિશ્વની **કુલ 29** નવી સાઈટનો વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

### જયપુર

- ભારતના **'ધ વોલ્ડ સિટી ઓફ જયપુર'**ને **સાંસ્કૃતિક સ્થળ** તરીકે વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકેનો દરજ્જો આપવામાં આવ્યો છે.
- **કેવલાદેવ નેશનલ પાર્ક**, **જંતરમંતર** (જયપુર) અને **હિલ ફોર્ટ્સ ઓફ રાજસ્થાન** બાદ **જયપુર** વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સમાવેશ પામનાર **રાજસ્થાન**ની **ચોથી** સાઈટ છે.
- **જયપુર**ની સ્થાપના **1727**માં **આમેર**ના રાજા **શ્રી જયસિંહ બીજા**એ કરી હતી.

**નોંધ :** (1) આ અગાઉ ભારતની **37મી** વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે **મુંબઈના વિક્ટોરિયન એન્ડ આર્ટ ડેકો એન્સેમ્બલ**નો અને એ અગાઉ ભારતની **36મી** વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે ગુજરાતના **અમદાવાદ**નો સમાવેશ કરવામાં આવ્યો હતો.

(2) વર્લ્ડ હેરિટેજ સાઈટની સંખ્યાની બાબતમાં સમગ્ર વિશ્વમાં **ભારત છઠ્ઠા નંબરે** છે. જ્યારે એશિયા–પેસિફિક રિજીયનમાં ચીન બાદ ભારત બીજા ક્રમે છે.

(3) યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સમાવેશ પામનાર ભારતની પ્રથમ સાઈટ **અજંતાની ગુફાઓ (મહારાષ્ટ્ર, 1983)** છે.

(4) ભારતના વિવિધ રાજ્યોમાં સૌથી વધુ **મહારાષ્ટ્રની 5 સાઈટ**નો અને ત્યારબાદ બીજા ક્રમે **રાજસ્થાન** અને **તમિલનાડુ**ની **4-4** સાઈટનો વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

### ભારતની 38 વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સમાવેશ પામેલી ગુજરાતની ત્રણ સાઈટો

| ક્રમ | સાઈટ | ક્યારે સમાવેશ | કયા ક્રમે સમાવેશ | સ્થળ |
|---|---|---|---|---|
| 1 | ચાંપાનેર–પાવાગઢ આર્કિયોલોજીકલ પાર્ક | 2004 | 26મા | જિલ્લો પંચમહાલ |
| 2 | રાણકી વાવ | 2014 | 31મા | પાટણ |
| 3 | ઐતિહાસિક શહેર અમદાવાદ | 2017 | 36મા | અમદાવાદ |

### યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સમિતિ

યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સમિતિમાં વર્તમાન સમયે કુલ **21 સભ્યો** છે.

- અને આ સભ્યોની મુદત **6 વર્ષ**ની હોય છે.
- યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સમિતિ દ્વારા યુનેસ્કોના વર્લ્ડ હેરિટેજ સ્થળોની પસંદગી કરવામાં આવે છે.

## ➤ હેન્લે પાસપોર્ટ ઈન્ડેક્સ 2019માં ભારત 86મા ક્રમે




**Henley & Partners** દ્વારા તાજેતરમાં જુલાઈ 2019માં પ્રસિદ્ધ થયેલા વર્ષ **2019**ના **Passport Index**માં કુલ **109** દેશોમાં ભારત **86મા** ક્રમે છે.

- જ્યારે આ ઈન્ડેક્ષમાં **જાપાન અને સિંગાપોર પ્રથમ** ક્રમે છે.
- તથા **અફઘાનિસ્તાન** આ ઈન્ડેકસમાં અંતિમ **109મા** ક્રમે છે.
- આ અગાઉ વર્ષ **2018**માં પ્રસિદ્ધ થયેલા આ ઈન્ડેક્ષમાં **ભારત 81મા** ક્રમે હતો.
- કયા દેશના પાસપોર્ટ દ્વારા કેટલા દેશોમાં **Visa-free Access (વિઝા વગર જ પ્રવેશ)** મળે છે તેને આધારે આ ઈન્ડેક્સ તૈયાર કરવામાં આવે છે.
- આ અંતર્ગત તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા વર્ષ **2019**ના રિપોર્ટ અનુસાર **ભારત**ના પાસપોર્ટને આધારે વિશ્વના **58** દેશોમાં Visa free Access મળી શકે છે.

## ➤ મહિલા ફૂટબોલ વર્લ્ડકપ 2019માં નેધરલેન્ડસને પરાજય આપી અમેરિકા ચેમ્પિયન

7 જૂનથી 7 જુલાઈ 2019 દરમિયાન **ફ્રાન્સ**ના 9 શહેરોમાં **FIFA Women's World Cup 2019**નું આયોજન કરવામાં આવ્યું હતું.

- આ FIFAનો **આઠમો** મહિલા ફૂટબોલ વર્લ્ડ કપ હતો.
- આ વર્લ્ડ કપની ફાઈનલ મેચમાં **નેધરલેન્ડસ**ને પરાજય આપીને **અમેરિકા**એ આ વર્લ્ડ કપ **ચોથી વખત** જીતી લીધો છે.
- આ વર્લ્ડ કપમાં કુલ **24** ટીમોએ ભાગ લીધો હતો. જેમાં ભારતનો સમાવેશ થતો નથી.

**મહિલા ફૂટબોલ વર્લ્ડ કપ 2019માં વિજેતા ક્રમ**

| ક્રમ | દેશ | વિશેષતા |
|---|---|---|
| 1 | અમેરિકા | ચેમ્પિયન્સ |
| 2 | નેધરલેન્ડસ | રનર્સ અપ |
| 3 | સ્વીડન | થર્ડ પ્લેસ |
| 4 | ઈંગ્લેન્ડ | ફોર્થ પ્લેસ |

### એવોર્ડ

આ વર્લ્ડ કપમાં **અમેરિકા**ના મહિલા ફૂટબોલ, ખેલાડી **સુશ્રી મેગન રેપિનો**ને **'ગોલ્ડન બોલ'** તથા **'ગોલ્ડન બૂટ'** એમ મહત્ત્વના બંને એવોર્ડ એનાયત થયા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ ટુર્નામેન્ટમાં સુશ્રી મેગન રેપિનો 'બેસ્ટ પ્લેયર' જાહેર થયા હતા.
- આ ઉપરાંત આ ટુર્નામેન્ટમાં સૌથી વધુ 6-6 ગોલ સુશ્રી મેગન રેપિનો, સુશ્રી એલેક્સ મોર્ગન અને સુશ્રી એલેન વ્હાઈટે કર્યા હતા.

## FIFA Women's World Cup

મહિલા ફૂટબોલ વર્લ્ડ કપનો પ્રારંભ 1991થી થયો હતો.

- આ વર્લ્ડ કપ દર ચાર વર્ષે યોજાય છે.
- અત્યાર સુધીમાં કુલ આઠ વખત યોજાયેલા આ વર્લ્ડ કપમાંથી સૌથી વધુ 4 વખત અમેરિકાએ આ વર્લ્ડ કપ જીત્યો છે.
- અમેરિકા બાદ જર્મનીએ 2 વખત અને નોર્વે તથા જાપાને આ વર્લ્ડ કપ 1-1 વખત જીત્યો છે.
- આ અગાઉ 2015માં કેનેડા ખાતે યોજાયેલો મહિલા ફૂટબોલ વર્લ્ડ કપ પણ અમેરિકાએ જ જીત્યો હતો.
- આથી, વર્ષ 2019માં અમેરિકાએ સતત બીજી વખત અને કુલ ચાર વખત મહિલા ફૂટબોલ વર્લ્ડ કપ જીત્યો છે.

નોંધ : (1) FIFAનું પૂરું નામ 'The Federation Internationale de Football Association' છે.

(2) આંતરરાષ્ટ્રીય સ્તરે ફૂટબોલ, ફુટસલ અને બીચ સોકરનું સંચાલન FIFA દ્વારા કરવામાં આવે છે.

(3) FIFAનું વડું મથક સ્વિત્ઝર્લેન્ડના ઝુરિચ ખાતે આવેલું છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS



ગુજરાત સરકારની વર્ગ-3ની તમામ ભરતીઓ માટે

# સ્પેશિયલ બેચ

2012 - 18
1237+
સફળ ઉમેદવાર

ફ્રી ટ્રાયલ લેક્ચર
18/07/19
સમય : બપોરે 1 to 3

ધોરણ- 12માં
આપની ટકાવારી મુજબ
Special Discount

50% Discount
85% થી વધુને

20% Discount
70% થી વધુને

10% Discount
40% થી વધુને

સ્પેશિયલ બેચમાં જોડાનાર તમામ વિદ્યાર્થીઓ માટે
Current Affairsના Special Lecture ફ્રી માં રહેશે.

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS
93757-01110
93280-01110
સદ્‌ગુરૂ કોમ્પલેક્ષ, કાલાવડ રોડ, તિરૂપતી પેટ્રોલ પંપ સામે, સ્વામિનારાયણ મંદિર પાસે
રાજકોટ

## ICE Questions

1. યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
   1. તેની સંખ્યાની બાબતમાં ભારત સમગ્ર વિશ્વમાં છઠ્ઠા ક્રમે છે.
   2. તેની પસંદગી સમિતિમાં વર્તમાન સમયે 21 સભ્યો છે.
   3. ભારતના વિવિધ રાજ્યોમાં મહારાષ્ટ્રની સૌથી વધુ 5 સાઈટનો તેમાં સમાવેશ થયો છે.
   4. ભારતમાંથી સૌપ્રથમ મહારાષ્ટ્રની અજંતાની ગુફાઓનો વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે 1983માં સમાવેશ થયો હતો.
   5. તાજેતરમાં ભારતના જયપુરનો તેમાં સાંસ્કૃતિક સ્થળ તરીકે સમાવેશ થયો છે.

   Ans. : (A) 1, 2, 3, 5 (B) 2, 3, 4 (C) 1, 3, 4 (D) 1, 2, 3, 4, 5 **(D)**

2. તાજેતરમાં ભારતની 38મી વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે કયા સ્થળનો સમાવેશ કરવામાં આવ્યો છે ?
   (A) જંતરમંતર, જયપુર (B) જયપુર
   (C) ધ આર્કિટેકચરલ વર્ક ઓફ લી કુર્બુઝીયર, ચંદિગઢ (D) વિક્ટોરિયન એન્ડ આર્ટ ડેકો એન્સેમ્બલ, મુંબઈ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**3.** તાજેતરમાં જયપુરનો ભારતની કેટલામી વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે ?
(A) 40મી (B) 39મી (C) 38મી (D) 37મી — **(C)**

**4.** યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટમાં નીચેનામાંથી ગુજરાતની કઈ સાઈટનો સમાવેશ થયો નથી ?
(A) ચાંપાનેર (B) અમદાવાદ (C) રાણકી વાવ (D) ધોળાવીરા — **(D)**

**5.** તાજેતરમાં જુલાઈ 2019 દરમિયાન પ્રસિદ્ધ થયેલા હેન્લે પાસપોર્ટ ઈન્ડેક્સ 2019માં ભારત કયા ક્રમે છે ?
(A) 81મા (B) 86મા (C) 90મા (D) 91મા — **(B)**

**6.** જુલાઈ 2019 દરમિયાન પ્રસિદ્ધ થયેલા હેન્લે પાસપોર્ટ ઈન્ડેક્ષ 2019માં પ્રથમ ક્રમે કયા બે દેશ છે ?
(A) જાપાન અને સિંગાપોર (B) જાપાન અને સ્વિત્ઝર્લેન્ડ
(C) જાપાન અને ફિનલેન્ડ (D) જાપાન અને નોર્વે — **(A)**

**7.** તાજેતરમાં જૂન–જુલાઈ 2019 દરમિયાન કેટલામા મહિલા ફૂટબોલ વર્લ્ડ કપનું આયોજન થયું હતું ?
(A) 8મા (B) 7મા (C) 5મા (D) ચોથા — **(A)**

**8.** તાજેતરમાં આઠમા મહિલા ફૂટબોલ વર્લ્ડ કપ 2019નું આયોજન કયાં થયું હતું ?
(A) ફ્રાન્સ (B) અમેરિકા (C) નેધરલેન્ડસ (D) ઈંગ્લેન્ડ — **(A)**

**9.** મહિલા ફૂટબોલ વર્લ્ડ કપ 2019 વિજેતા દેશનું નામ શું છે ?
(A) ફ્રાન્સ (B) જર્મની (C) અમેરિકા (D) ઈંગ્લેન્ડ — **(C)**

**10.** તાજેતરમાં કોને પરાજય આપીને અમેરિકાએ સતત બીજી અને કુલ ચોથી વખત મહિલા ફૂટબોલ વર્લ્ડ કપ 2019 જીતી લીધો છે ?
(A) નેધરલેન્ડસ (B) સ્વીડન (C) ઈંગ્લેન્ડ (D) ફ્રાન્સ — **(A)**

**11.** મહિલા ફૂટબોલ વર્લ્ડ કપ 2019માં 'ગોલ્ડન બોલ' તથા 'ગોલ્ડન બૂટ' એવોર્ડ વિજેતા મહિલા ખેલાડીનું નામ શું છે ?
(A) સુશ્રી એલેકસ મોર્ગન (B) સુશ્રી મેગન રેપિનો
(C) સુશ્રી એલેન વ્હાઈટ (D) સુશ્રી એલેન મોર્ગન — **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 09 JULY, 2019 TUESDAY

### ➤ Agricultural Marketing and Farmer Friendly Reforms Index 2019

ભારતમાં **નીતિ આયોગ** દ્વારા તાજેતરમાં **'એગ્રીકલ્ચરલ માર્કેટિંગ એન્ડ ફાર્મર ફ્રેન્ડલી રિફોર્મ્સ ઈન્ડેક્સ (AMFFR) 2019** પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ ઈન્ડેક્સમાં ભારતના રાજ્યોમાં **મહારાષ્ટ્ર પ્રથમ** ક્રમે છે.
- જ્યારે **ગુજરાત** આ ઈન્ડેક્સમાં **બીજા** ક્રમે છે.
- **ગુજરાત** બાદ **રાજસ્થાન ત્રીજા** અને **મધ્યપ્રદેશ ચોથા** ક્રમે છે.
- આ ઈન્ડેક્સમાં **ગુજરાત**નો સ્કોર 100માંથી **71.5** છે.
- આ ઈન્ડેક્સ નો પ્રારંભ **2016**થી થયો હતો.
- આ ઈન્ડેક્સમાં કૃષિ માર્કેટિંગ ક્ષેત્રે થયેલા સુધારાઓને આધારે રાજ્યોને ક્રમ આપવામાં આવે છે.

## નીતિ આયોગ AMFFR Index 2019 Rank

| ક્રમ | રાજ્ય |
|---|---|
| 1 | મહારાષ્ટ્ર |
| 2 | ગુજરાત |
| 3 | રાજસ્થાન |
| 4 | મધ્યપ્રદેશ |
| 5 | હરિયાણા |




GPSC ક્લાસ 1/2

ફ્રી ટ્રાયલ લેક્ચર સાંજે 7 થી 9

વિકલી OMR પેપર પ્રેક્ટિસ

- સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ
- GPSC CLASS 1/2 ઓફિસર બનેલા વિદ્યાર્થી ઉમેદવારોનું સ્વાનુભવસિદ્ધ માર્ગદર્શન
- GPSCની નવી પરીક્ષા પદ્ધતિને અનુરૂપ ટુ ધી પોઈન્ટ રીડીંગ મટીરિયલ્સ
- દરેક વિષયની ઉંડાણપૂર્વકની કન્સેપ્ચ્યુઅલ તૈયારી
- શરૂઆતથી નિમણૂક પત્ર સુધીનો આયોજનબદ્ધ રોડ મેપ
- પરીક્ષા પાસ કરવાની આક્રમક વ્યૂહરચના
- GPSC CLASS 1/2ની એક્સપર્ટ ટીમ દ્વારા કોચિંગ

GPSC દ્વારા ICEના 170થી વધુ અધિકારીશ્રીઓ

વિકલી OMR પેપર પ્રેક્ટિસ


ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

93757-01110
93280-01110

સદગુરૂ કોમ્પલેક્ષ, કાલાવડ રોડ, તિરૂપતી પેટ્રોલ પંપ સામે, સ્વામિનારાયણ મંદિર પાસે

રાજકોટ

## ➤ ગુજરાત અશાંત ધારા સુધારા વિધેયક 2019



ગુજરાત સરકારના મંત્રી **શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા** દ્વારા રજૂ કરવામાં આવેલું **ગુજરાત અશાંત ધારા સુધારા વિધેયક 2019** તાજેતરમાં ગુજરાત વિધાનસભા ગૃહમાં પસાર કરવામાં આવ્યું છે.

### આ બિલનું પૂરું નામ શું છે ?

આ બિલનું પૂરું નામ **'ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગ્યામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત (સુધારા) વિધેયક 2019'** છે.

### કયા બિલમાં સુધારો કરવા માટે આ બિલ લાવવામાં આવ્યું છે ?

**'ગુજરાત અશાંત વિસ્તાર ધારો - 1991'**ની જોગવાઈઓમાંની ઉણપને દૂર કરવા આ બિલ લાવવામાં આવ્યું છે.

- ગુજરાતમાં કોમી રમખાણો કે તોફાનો થવાના કિસ્સા બનતા હોય તેવા વિસ્તારોમાં કોઈ એક ચોક્કસ સમુદાયના લોકોની વસતી ખૂબ વધી ન જાય તે માટે ત્યાં વસનારા લોકોની મિલકતની તમામ પ્રકારની તબદીલી નિયંત્રિત કરવા માટે આ કાયદો લાવવામાં આવ્યો હતો.
- ગુજરાતમાં હાલ **અમદાવાદ**, **સુરત**, **વડોદરા**, **ભરૂચ**, **ગોધરા**, **હિંમતનગર** અને **કપડવંજ**ના ચોક્કસ વિસ્તારોમાં આ કાયદો અમલી છે.
- જેમાંથી **અમદાવાદ**માં અશાંત ધારા હેઠળ આવરી લેવાયેલા વિસ્તારોની સંખ્યા સૌથી વધુ (**760 થી વધુ**)છે.

### નવા કાયદાની મહત્ત્વની જોગવાઈઓ

1. આ વિધેયક લાગુ થયા બાદ અશાંત વિસ્તાર ધારા હેઠળ સમાવિષ્ટ કોઈપણ ભાગમાં **કલેકટરની પૂર્વમંજૂરી વગર** એક ધાર્મિક સમુદાય બીજા ધાર્મિક સમુદાયની વ્યક્તિને મિલકત ટ્રાન્સર કરી શકશે નહીં.
2. માત્ર વેચાણ જ નહીં બક્ષિસ, વિનિમય, પાવર ઓફ એટર્ની, ભાડાપટ્ટે કે **કોઈપણ પ્રકારના દસ્તાવેજથી** પણ મિલકત તબદીલ કરવી હોય તો પણ **કલેકટરની પૂર્વ મંજૂરી જરૂરી.**
3. અશાંત વિસ્તારની આસપાસના **500 મીટરની ત્રિજ્યામાં આવતા** વિસ્તારોમાં પણ આ જોગવાઈ લાગુ પડશે.
4. અશાંત વિસ્તારોમાં નવા વિસ્તારોનો સમાવેશ કરવા **SIT**ની રચના કરવી.



## ➤ સ્વદેશી એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલ 'નાગ'ના એક દિવસમાં ત્રણ સફળ પરીક્ષણ

7 જુલાઈ, 2019ના રોજ ભારતમાં DRDO દ્વારા ભારતની સ્વદેશી બનાવટની મિસાઈલ નાગના એક જ દિવસમાં ત્રણ સફળ પરીક્ષણ કરવામાં આવ્યા છે.

- ભારતમાં રાજસ્થાનના પોખરણમાં દિવસે અને રાત્રે એમ બંને સમયે આ પરીક્ષણ કરવામાં આવ્યા હતા.
- આ સફળ પરીક્ષણ બાદ હવે નાગ મિસાઈલને ટૂંક સમયમાં ભારતની સેનામાં શામેલ કરવામાં આવશે.

### નાગ મિસાઈલની વિશેષતા

1. નાગ એ ભારતની સ્વદેશી બનાવટની થર્ડ જનરેશન 'ફાયર એન્ડ ફર્ગેટ' એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલ છે.
2. અચૂક નિશાન સાધતી આ મિસાઈલ દુશ્મનની ટેન્કનો પીછો કરીને પણ તેને ધ્વસ્ત કરી શકે છે.
3. આ મિસાઈલ કોઈપણ ઋતુ કે વાતાવરણમાં તેમજ મેદાની કે પહાડી એમ કોઈપણ વિસ્તારોમાં સમાન રીતે કામ આપે છે.
4. પ્રતિ સેકન્ડ 230 મીટરની ઝડપ ધરાવતી આ મિસાઈલ 8 કિલો વિસ્ફોટક સામગ્રીનું વહન કરી શકે છે.
5. જમીન પરથી લોન્ચ થતી આ મિસાઈલની રેન્જ 500 મીટરથી 4 કિલોમીટર સુધીની છે. જ્યારે હવામાંથી લોન્ચ થતી આ મિસાઈલની રેન્જ 7 થી 10 કિલોમીટર સુધીની છે. તેની એવરેજ રેન્જ 3 થી 7 કિલોમીટર સુધીની છે.
6. માત્ર 42 કિલોગ્રામ જેટલું ઓછું વજન ધરાવતી આ મિસાઈલ મૂવ થવામાં પણ ઘણી સરળ છે.
7. આ મિસાઈલનું આયુષ્ય 10 વર્ષ સુધીનું છે. તે સતત 10 વર્ષ સુધી કામ આપી શકે છે.

### નાગ મિસાઈલનું નિર્માણ

ભારતમાં Integrated Guided Missile Development Program અંતર્ગત DRDO (Defence Research and Development) દ્વારા આ મિસાઈલ વિકસાવવામાં આવી છે.

- આ મિસાઈલનું મેન્યુફેક્ચરિંગ 'ભારત ડાયનેમિક્સ લિમિટેડ (BDL)' નામની કંપનીમાં થાય છે.

નોંધ : (1) હેલિકોપ્ટરમાંથી લોન્ચ થતી એન્ટી ટેન્ક ગાઈડેડ નાગ મિસાઈલ 'HELINA' તરીકે ઓળખાય છે.


(2) HELINA એ નાગ મિસાઈલનું હેલિકોપ્ટર વર્ઝન છે.

(3) વર્ષ 2018માં Defence Acquisition Council (DAC) દ્વારા રૂ. 524 કરોડના ખર્ચે નાગ મિસાઈલ સિસ્ટમ (NAMIS) ખરીદવા માટે મંજૂરી આપવામાં આવી હતી.

(4) નાગ મિસાઈલ સિસ્ટમ (NAMIS)માં નાગ મિસાઈલ અને નાગ મિસાઈલ કેરિયર (NAMICA)નો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS






## ICE Questions

| | | |
|---|---|---|
| 1. | નીતિ આયોગ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ કરવામાં આવેલા AMFFR Index 2019 અથવા તો 'એગ્રિકલ્ચરલ માર્કેટિંગ એન્ડ ફાર્મર ફ્રેન્ડલી રિફોર્મ્સ ઈન્ડેક્સ 2019'માં પ્રથમ ક્રમે ભારતનું કયું રાજ્ય છે ?<br>(A) ગુજરાત (B) મહારાષ્ટ્ર (C) રાજસ્થાન (D) મધ્યપ્રદેશ | (B) |
| 2. | નીતિ આયોગ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ કરવામાં આવેલા AMFFR Index 2019 અથવા તો 'એગ્રિકલ્ચરલ માર્કેટિંગ એન્ડ ફાર્મર ફ્રેન્ડલી રિફોર્મ્સ ઈન્ડેક્સ 2019'માં ગુજરાત ક્યા ક્રમે છે ?<br>(A) બીજા (B) ત્રીજા (C) ચોથા (D) પાંચમા | (A) |
| 3. | તાજેતરમાં ગુજરાત વિધાનસભામાં કોના દ્વારા ગુજરાત અશાંત ધારા સુધારા વિધેયક રજૂ કરવામાં આવ્યું હતું ?<br>(A) શ્રી પ્રદિપસિંહ જાડેજા (B) શ્રી નીતિનભાઈ પટેલ<br>(C) શ્રી કુંવરજી બાવળિયા (D) શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા | (D) |
| 4. | ગુજરાતના કયા શહેરમાં ગુજરાત અશાંત ધારા હેઠળ આવરી લેવાયેલા વિસ્તારોની સંખ્યા સૌથી વધુ છે ?<br>(A) અમદાવાદ (B) વડોદરા (C) સુરત (D) ભરૂચ | (A) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

5. ગુજરાત અશાંત ધારા સુધારા વિધેયક 2019 અનુસાર અશાંત વિસ્તારની આસપાસના કેટલી ત્રિજ્યાના વિસ્તારમાં પણ હવે આ એક્ટની જોગવાઈ લાગુ પડશે ?
(A) 200 મીટર (B) 500 મીટર (C) 800 મીટર (D) 1 કિલોમીટર **(B)**

6. 7 જુલાઈ, 2019ના રોજ ભારતની કઈ એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલના એક દિવસમાં ત્રણ સફળ પરીક્ષણ કરવામાં આવ્યા છે ?
(A) બ્રહ્મોસ (B) અગ્નિ (C) નાગ (D) પૃથ્વી **(C)**

7. 7 જુલાઈ, 2019ના રોજ ભારતમાં નાગ મિસાઈલનું ક્યાંથી સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે ?
(A) શ્રી હરિકોટા (B) ચાંદીપુરા (C) રાઉરકેલા (D) પોખરણ **(D)**

8. નાગ એ ભારતની કયા પ્રકારની મિસાઈલ છે ?
(A) થર્ડ જનરેશન એન્ટી સબમરીન (B) થર્ડ જનરેશન એન્ટી ટેન્ક
(C) ફોર્થ જનરેશન એન્ટી સબમરીન (D) ફોર્થ જનરેશન એન્ટી ટેન્ક **(B)**

9. 'HELINA' એ ભારતની કઈ મિસાઈલનું હેલિકોપ્ટર વર્ઝન છે ?
(A) નાગ (B) પૃથ્વી (C) અગ્નિ (D) બ્રહ્મોસ **(A)**

## 10 JULY, 2019 WEDNESDAY

### ➤ ભારતને મુખ્ય બિન નાટો સહયોગી દેશ તરીકેનો દરજ્જો આપવા અમેરિકાની સેનેટમાં બિલ પસાર



તાજેતરમાં ભારતને મુખ્ય બિન નાટો સહયોગી દેશ (Major non-NATO ally) તરીકેનો દરજ્જો આપવા માટે અમેરિકાની સેનેટમાં એક બિલ પસાર કરવામાં આવ્યું છે.

- અમેરિકાની સેનેટમાં પસાર થયેલા આ બિલનું નામ 'National Defence Authorisation Act 2020' છે.
- આ બિલથી ભારતને સંરક્ષણ ક્ષેત્રે ફાયદો થશે. ખાસ કરીને અમેરિકા પાસેથી ભારતને આધુનિક શસ્ત્રો મળી શકશે.
- અમેરિકાની સંસદના બે ગૃહો (1) સેનેટ અને (2) પ્રતિનિધિ સભામાંથી હાલ સેનેટમાં આ બિલ પસાર થઈ ચૂક્યું છે.
- હવે પ્રતિનિધિ સભામાં પસાર થયા બાદ આ બિલ કાયદાનું સ્વરૂપ લેશે.

**નોંધ :** અમેરિકાની સંસદ 'કોંગ્રેસ' તરીકે ઓળખાય છે.

### Major non-NATO Ally

અમેરિકન સરકાર દ્વારા અમેરિકાના સશસ્ત્ર દળો સાથે વ્યૂહાત્મક સંબંધ ધરાવતા NATOના સભ્ય ન હોય તેવા દેશોને આ દરજ્જો આપવામાં આવે છે.

- અમેરિકાએ સૌપ્રથમ 1989માં ઓસ્ટ્રેલિયા, ઈજિપ્ત, ઈઝરાયેલ, જાપાન અને સાઉથ કોરિયા એમ કુલ પાંચ દેશોને આ દરજ્જો આપ્યો હતો.
- ત્યારબાદ અમેરિકાએ પાકિસ્તાન (2004), અફઘાનિસ્તાન (2012) સહિત અનેક દેશોને આ દરજ્જો આપ્યો છે.
- તાજેતરમાં વર્ષ 2019માં ભારત અગાઉ બ્રાઝિલને આ દરજ્જો આપવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## NATO




**NATOનું પૂરું નામ 'નોર્થ એટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઈઝેશન' છે.**

- નાટો એક અર્ધસરકારી સૈન્ય ગઠબંધન છે.
- તેની સ્થાપના 4 એપ્રિલ, 1949ના રોજ થઈ હતી.
- અમેરિકા, કેનેડા તથા પશ્ચિમ યુરોપના 10 દેશો સહિત કુલ 12 દેશો દ્વારા વોશિંગ્ટન સંધિ (અથવા તો ઉત્તર એટલાન્ટિક સંધિ) પર હસ્તાક્ષર કરીને તેની સ્થાપના કરવામાં આવી હતી.
- તેનું હેડક્વાર્ટર બેલ્જિયમના બ્રુસેલ્સ ખાતે આવેલું છે.
- નાટોની સ્થાપનાનો મુખ્ય ઉદ્દેશ ઉત્તર અમેરિકા અને યુરોપના દેશોને તેમની સામૂહિક સુરક્ષા માટે એકજૂથ કરવાનો છે.
- આ માટે રાજકીય, આર્થિક, વૈજ્ઞાનિક તથા સૈન્ય ક્ષેત્રે એકબીજા દેશોને સહયોગ આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે.
- નાટો દેશો દ્વારા 'સંગઠિત રક્ષણ'નો સિદ્ધાંત સ્વીકારવામાં આવ્યો છે. આ સિદ્ધાંત અનુસાર જો નાટોના સભ્ય દેશોમાંથી કોઈ એક દેશ અથવા તો એકથી વધુ દેશો વિરુદ્ધ સશસ્ત્ર હુમલો કરવામાં આવે.....તો તે હુમલો નાટોના તમામ દેશો વિરુદ્ધ ગણાશે.

**નોંધ :** (1) નાટોનું ઔપચારિક નામ 'Organisation du Traite de l'Atlantique Nord' છે. તેને ટૂંકમાં OTAN તરીકે પણ ઓળખવામાં આવે છે.

(2) નાટોમાં વર્તમાન સમયે (10 જુલાઈ, 2019ની સ્થિતિએ) 29 સભ્ય દેશો છે.

(3) નાટોમાં સૌથી છેલ્લે શામેલ થનાર દેશનું નામ મોન્ટેનેગ્રો છે. મોન્ટેનેગ્રો 5 જૂન, 2017ના રોજ નાટોનું સભ્ય બન્યું હતું.

(4) નાટોના સભ્ય દેશોમાં કેનેડા, ફ્રાન્સ, ઈટાલી, બ્રિટન, અમેરિકા, ગ્રીસ, તુર્કી, જર્મની, સ્પેન વગેરે દેશોનો સમાવેશ થાય છે.

(5) નાટોના 29 સભ્ય દેશોમાં ભારત, ચીન, રશિયા, જાપાન, ઓસ્ટ્રેલિયા, દક્ષિણ કોરિયા વગેરે દેશોનો સમાવેશ થતો નથી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ICE Questions

1. તાજેતરમાં અમેરિકાની સેનેટમાં ભારતને કયો દરજ્જો આપતું બિલ પસાર થયું છે ?
   (A) નાટોના સભ્ય તરીકેનો દરજ્જો આપતું બિલ
   (B) નાટોના સભ્ય બનવાનું સમર્થન આપતું બિલ
   (C) બિન નાટો સહયોગી અથવા મુખ્ય બિન નાટો સહયોગી તરીકેનો દરજ્જો આપતું બિલ
   (D) નાટોના સ્થાયી સહયોગી તરીકેનો દરજ્જો આપતું બિલ **(C)**

2. તાજેતરમાં અમેરિકાની સેનેટમાં પસાર થયેલા કયા બિલમાં ભારતને બિન નાટો સહયોગી તરીકેનો દરજ્જો આપવાની જોગવાઈ છે ?
   (A) National defence Authorisation Act for the fiscal year 2018
   (B) National defence Authorisation Act for the fiscal year 2019
   (C) National defence Authorisation Act for the fiscal year 2020
   (D) National defence Authorisation Act for the fiscal year 2021 **(C)**

3. તાજેતરમાં વર્ષ 2019માં અમેરિકા દ્વારા ભારત અગાઉ કયા દેશને બિન નાટો સહયોગી તરીકેનો દરજ્જો આપવામાં આવ્યો છે ?
(A) ઈજિપ્ત (B) પાકિસ્તાન (C) અફઘાનિસ્તાન (D) બ્રાઝિલ **(D)**

4. NATOનું પૂરું નામ શું છે ?
(A) નોર્થ અમેરિકા ટ્રીટી ઓર્ગેનાઈઝેશન (B) નોર્થ એન્ટાર્કટિક ટ્રીટી ઓર્ગેનાઈઝેશન
(C) નોર્થ અમેરિકા એન્ડ યુરોપ ટ્રીટી ઓર્ગેનાઈઝેશન (D) નોર્થ એટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઈઝેશન **(D)**

5. NATOને ટૂંકમાં બીજા કયા નામે ઓળખવામાં આવે છે ?
(A) TONA (B) TOAN (C) ONAT (D) OTAN **(D)**

6. NATOના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા નથી ?
1. નાટો એક અર્ધસરકારી સૈન્ય ગઠબંધન છે.
2. તેની સ્થાપના 4 એપ્રિલ, 1949ના રોજ થઈ હતી.
3. વોશિંગ્ટન સંધિ અથવા તો ઉત્તર એટલાન્ટિક સંધિ અંતર્ગત કુલ 12 દેશો દ્વારા તેની સ્થાપના કરવામાં આવી હતી.
4. તેનું હેડક્વાર્ટ્ર બેલ્જિયમના એન્ટવર્પ ખાતે આવેલું છે.
5. વર્તમાન સમયે (10 જુલાઈ, 2019ની સ્થિતિએ) તેમાં કુલ 29 સભ્ય દેશો છે.
Ans : (A) 1, 2, 3, 4, 5 (B) ફક્ત 5 (C) ફક્ત 2, 3 (D) ફક્ત 4 **(D)**

7. નાટોના 29 સભ્ય દેશોમાં નીચેનામાંથી કયા દેશનો સમાવેશ થતો નથી ?
(A) અમેરિકા (B) બ્રિટન (C) જર્મની (D) રશિયા **(D)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 11 JULY, 2019 THURSDAY

## ➤ દિવસ મહિમા : 11 જુલાઈ, વિશ્વ વસતી દિન (World Population Day)

સમગ્ર વિશ્વમાં વધતી જતી વસતી અંગે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે 11 જુલાઈના રોજ 'વિશ્વ વસતી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.



- United Nations Development Programmeની ગવર્નિંગ કાઉન્સિલ દ્વારા 1989થી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- 11 જુલાઈ, 1987ના રોજ વિશ્વની વસતી 5 બિલિયન થઈ ગઈ હતી. એ સમયે Dr. K. C. Zachariah (ડૉ. કે. સી. ઝાચારિયાહ) દ્વારા આ દિવસની ઉજવણીનું સૂચન કરવામાં આવ્યું હતું.
- 24 એપ્રિલ, 2017ના રોજ વિશ્વની વસતી 7.5 અબજ થઈ ગઈ હતી.
- વર્ષ 2019માં તે વધીને 7.7 અબજ થવાની સંભાવના છે.

## ➤ શ્રી રાહુલ દ્રવિડની નેશનલ ક્રિકેટ એકેડમીના વડા તરીકે નિમણૂક

Board of Control for Cricket in India (BCCI) દ્વારા તાજેતરમાં ભારતના પૂર્વ કેપ્ટન **શ્રી રાહુલ દ્રવિડ**ની ભારતમાં **કર્ણાટક**ના **બેંગાલુરુ** ખાતે આવેલી 'National Cricket Academy (NCA)'ના વડા (Head) તરીકે નિમણૂક કરવામાં આવી છે.

- 1 જુલાઈ 2019થી 2 વર્ષ માટે શ્રી રાહુલ દ્રવિડની NCAના વડા તરીકે નિમણૂક કરવામાં આવી છે.



### શ્રી રાહુલ દ્રવિડ

ક્રિકેટ જગતમાં **'ધ વોલ'** તરીકે પ્રસિદ્ધ શ્રી રાહુલ દ્રવિડનો જન્મ **મધ્યપ્રદેશ**ના **ઈન્દોર** ખાતે થયો હતો.

- તેઓ હાલ India Under 19 અને India A ટીમના **મુખ્ય કોચ** છે.
- તેમણે ક્રિકેટમાં **સૌથી વધુ 210 કેચ** પકડવાનો રેકોર્ડ બનાવ્યો હતો.

### National Cricket Academy

ભારતમાં **કર્ણાટક**ના **બેંગાલુરુ** ખાતે આવેલા **એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ**માં આ એકેડમી આવેલી છે.

- તેમાં ભારતના પ્રતિભાશાળી ક્રિકેટરોને તાલીમ આપવામાં આવે છે.
- વર્ષ 2000માં આ એકેડમીની સ્થાપના થઈ હતી.
- આ એકેડમીની સ્થાપનામાં **શ્રી રાજ સિંહ ડુંગરપુર**નું મહત્ત્વનું યોગદાન છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAM

### ICE Questions

1. 'વિશ્વ વસતી દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

   (A) 10 જુલાઈ  (B) 11 જુલાઈ  (C) 12 જુલાઈ  (D) 13 જુલાઈ  **(B)**

2. 'વિશ્વ વસતી દિન'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?

   1. વર્ષ 1989થી યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામની ગવર્નિંગ કાઉન્સિલ દ્વારા તેની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
   2. 11 જુલાઈ 1987ના રોજ વિશ્વની વસતી 5 બિલિયન થઈ ગઈ હતી.
   3. ડો. કે. સી. ઝાચારિયાહે આ દિવસની ઉજવણીનું સૂચન કર્યું હતું.

   Ans : (A) 1, 2, 3  (B) 2, 3  (C) 1, 3  (D) 1, 2  **(A)**

| | | |
|---|---|---|
| 3. | તાજેતરમાં ભારતમાં નેશનલ ક્રિકેટ એકેડમીના અધ્યક્ષ (અથવા તો વડા) તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?<br>(A) શ્રી રાહુલ દ્રવિડ (B) શ્રી સૌરવ ગાંગુલી<br>(C) શ્રી સચિન તેંડુલકર (D) શ્રી રોહિત શર્મા | (A) |
| 4. | ભારતમાં નેશનલ ક્રિકેટ એકેડમી કયાં આવેલી છે ?<br>(A) એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ, હૈદરાબાદ (B) એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ, બેંલાગુરુ<br>(C) એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ, ચેન્નાઈ (D) એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ, કોલકાતા | (B) |
| 5. | શ્રી રાહુલ દ્રવિડની નેશનનલ ક્રિકેટ એકેડમીમાં કયા પદ પર તાજેતરમાં નિમણૂક કરવામાં આવી છે ?<br>(A) Chairman (B) CEO (C) Director (D) Head | (D) |

## 12 JULY, 2019 FRIDAY

## ➤ અમેરિકામાં ગ્રીન કાર્ડ પરની દેશ આધારિત 7 ટકા મર્યાદા રદ કરતો ખરડો પસાર

વિશ્વના જુદા જુદા અનેક દેશોમાંથી દર વર્ષે હજારો લોકો નોકરી કે ધંધા–રોજગાર અર્થે અમેરિકામાં આવે છે.

- આવા બિન અમેરિકન લોકોએ જો અમેરિકામાં સ્થાયી થવું હોય અને અમેરિકાના કાયદેસરના કાયમી નિવાસી બનવું હોય તો અમેરિકાનું 'Green Card' મેળવવું જરૂરી છે.
- અમેરિકાનું 'ગ્રીન કાર્ડ' ધરાવતા બિન અમેરિકન નાગરિકોને અમેરિકામાં સ્થાયી ધોરણે રહેવા અને કામ કરવાની મંજૂરી આપવામાં આવે છે.
- જેની પાસે 'ગ્રીન કાર્ડ' ન હોય તેવા બિન અમેરિકન નાગરિકોને અમેરિકામાં કાયમી ધોરણે રહેવાની તથા કામ કરવાની પરવાનગી મળતી નથી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXA



## 'ગ્રીન કાર્ડ' અંગે અત્યાર સુધી શું જોગવાઈ હતી ?




અત્યાર સુધી અમેરિકા દ્વારા દર વર્ષે લગભગ 1,40,000 જેટલા નવા 'ગ્રીન કાર્ડ' આપવામાં આવતા હતા.

- આ 1,40,000 'ગ્રીન કાર્ડ'માંથી કયા દેશને કેટલા ગ્રીન કાર્ડ આપવા એ માટે અમેરિકાએ <u>દરેક દેશ માટે 7 ટકા</u>ની મર્યાદા નક્કી કરી હતી.
- આથી, દર વર્ષે ઈશ્યુ થતા કુલ ગ્રીન કાર્ડમાંથી <u>દરેક દેશને 7 ટકા</u> ગ્રીન કાર્ડ આપવામાં આવતા હતા.

## તાજેતરમાં પસાર થયેલા બિલમાં કઈ જોગવાઈ છે ?

અમેરિકામાં તાજેતરમાં પસાર થયેલા બિલમાં કરવામાં આવેલી જોગવાઈ અનુસાર –

(1) <u>રોજગાર</u> આધારિત ગ્રીન કાર્ડમાં દેશ દીઠ <u>7 ટકાની મર્યાદા હટાવી દેવામાં આવી છે</u>.

(2) <u>પરિવાર</u> આધારિત ગ્રીન કાર્ડમાં દેશ દીઠ <u>7 ટકા</u>ની મર્યાદા વધારીને <u>15 ટકા</u> કરવામાં આવી છે.

અમેરિકાના આ નિર્ણયથી સૌથી વધુ ફાયદો <u>ભારતના IT પ્રોફેશનલ્સ</u>ને થશે. અમેરિકામાં <u>H-1B વિઝા</u> ધરાવતા હજારો ભારતીયો ગ્રીન કાર્ડ મળે તેની વર્ષોથી રાહ જોઈ રહ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## અમેરિકામાં આ માટે કયું બિલ પસાર કરવામાં આવ્યું છે ?

તાજેતરમાં અમેરિકાની સંસદની <u>પ્રતિનિધિ સભા</u>માં આ માટે <u>The fairness for High-Skilled Immigrants Act 2019</u> અથવા <u>HR 1044</u> નામનું બિલ રજૂ કરવામાં આવ્યું હતું.

- જે <u>365 વિરુદ્ધ 65</u> મતોથી પસાર થઈ ગયું છે.
- હવે અમેરિકાની સંસદના બીજા ગૃહ <u>સેનેટ</u>માં પસાર થયા બાદ આ બિલ કાયદાનું સ્વરૂપ લેશે.

**નોંધ :** (1) <u>પ્રતિનિધિ સભા (House of Representatives)</u>એ અમેરિકાની સંસદનું <u>નીચલું ગૃહ</u> છે.

(2) પ્રતિનિધિ સભામાં <u>435 વોટિંગ મેમ્બર</u> અને <u>6 નોન વોટિંગ મેમ્બર</u> હોય છે.

(3) જ્યારે <u>સેનેટ (Senate)</u> એ અમેરિકાની સંસદનું <u>ઉપલું ગૃહ</u> છે. તેમાં કુલ <u>100 સભ્યો</u> હોય છે.



## ICE Questions

1. અમેરિકામાં દર વર્ષે ઈશ્યુ થતા કુલ ગ્રીન કાર્ડમાંથી દરેક દેશ દીઠ કેટલા ટકાની મર્યાદા નક્કી કરવામાં આવી હતી ?

(A) 5 ટકા (B) 7 ટકા (C) 10 ટકા (D) 12 ટકા **(B)**

2. તાજેતરમાં અમેરિકાની સંસદની પ્રતિનિધિ સભામાં ગ્રીન કાર્ડ પરની દેશ આધારિત મર્યાદામાં ફેરફાર કરતું કયું બિલ પસાર કરવામાં આવ્યું છે ?

(A) ધ ફેયરનેસ ફોર હાઈસ્કિલ્ડ ઈમિગ્રન્ટ્સ એક્ટ 2018 અથવા HR 1044
(B) ધ ફેયરનેસ ફોર હાઈસ્કિલ્ડ ઈમિગ્રન્ટ્સ એક્ટ 2019 અથવા HR 1044
(C) ધ ફેયરનેસ ફોર હાઈસ્કિલ્ડ ઈમિગ્રન્ટ્સ એક્ટ 2020 અથવા HR 1044
(D) ત્રણમાંથી કોઈ નહિ **(B)**

3. તાજેતરમાં અમેરિકાની સંસદની પ્રતિનિધિ સભામાં પસાર કરવામાં આવેલા એક બિલ અનુસાર અમેરિકામાં ગ્રીન કાર્ડ માટે **રોજગાર** આધારિત દરેક દેશની મર્યાદામાં શું ફેરફાર કરવામાં આવ્યો છે ?

(A) દરેક દેશ દીઠ 7 ટકાની મર્યાદા વધારીને 10 ટકા કરવામાં આવી છે.
(B) દરેક દેશ દીઠ 7 ટકાની મર્યાદા વધારીને 15 ટકા કરવામાં આવી છે.
(C) દરેક દેશ દીઠ 7 ટકાની મર્યાદા રદ કરવામાં આવી છે.
(D) કોઈ જ ફેરફાર કરવામાં આવ્યો નથી. **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

4. તાજેતરમાં અમેરિકાની સંસદની પ્રતિનિધિ સભામાં પસાર કરવામાં આવેલા એક બિલ અનુસાર અમેરિકામાં ગ્રીન કાર્ડ માટે **પરિવાર** આધારિત દરેક દેશની મર્યાદામાં શું ફેરફાર કરવામાં આવ્યો છે ?

(A) દરેક દેશ દીઠ 7 ટકાની મર્યાદા વધારીને 10 ટકા કરવામાં આવી છે.
(B) દરેક દેશ દીઠ 7 ટકાની મર્યાદા વધારીને 15 ટકા કરવામાં આવી છે.
(C) દરેક દેશ દીઠ 7 ટકાની મર્યાદા રદ કરવામાં આવી છે.
(D) કોઈ જ ફેરફાર કરવામાં આવ્યો નથી. **(B)**

5. અમેરિકાની સંસદના સંદર્ભમાં નીચેનામાંથી કયું / કયા વિધાનો સાચા છે ?

1. તેનું નીચલું ગૃહ પ્રતિનિધિ સભા (House of Representatives) તરીકે ઓળખાય છે. અને તેમાં 435 વોટિંગ મેમ્બર હોય છે.
2. તેનું ઉપલું ગૃહ સેનેટ તરીકે ઓળખાય છે. તેમાં કુલ 100 સભ્યો હોય છે.

Ans : (A) 1 અને 2 (B) ફક્ત 1 (C) ફક્ત 2 (D) એકપણ નહિ **(A)**

## 13 JULY, 2019 SATURDAY

## ➤ ભારત ઈઝરાયેલ પાસેથી 'સ્પાઈક મિસાઈલ' ખરીદશે

ભારતીય સેના દ્વારા તાજેતરમાં **ઈઝરાયેલ** સાથે **'સ્પાઈક મિસાઈલ'** ખરીદવા માટે સોદો કરવામાં આવ્યો છે.

### સ્પાઈક મિસાઈલની વિશેષતા

(1) સ્પાઈક એ **ઈઝરાયેલ**ની **ચોથી પેઢી**ની **એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલ** છે.


(2) ઈઝરાયેલની **'રાફેલ એડવાન્સ્ડ ડિફેન્સ સિસ્ટમ્સ'** નામની કંપની દ્વારા તેનું નિર્માણ કરવામાં આવે છે.

(3) આ મિસાઈલ સચોટ નિશાન માટે પ્રસિદ્ધ છે, તે બંકરોને પણ નષ્ટ કરી શકે છે.

(4) તેની રેન્જ **4 કિલોમીટર** સુધીની છે.

(5) પર્વતીય તેમજ મેદાની એમ બંને પ્રદેશોમાં આ મિસાઈલનો ઉપયોગ થઈ શકે છે.

(6) આ મિસાઈલને વિવિધ પ્લેટફોર્મ જેમ કે, હેલિકોપ્ટર, જહાજ, વ્હીકલ તથા ગ્રાઉન્ડ લોન્ચર પરથી લોન્ચ કરી શકાય છે.



ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના (PMGSY)ના ત્રીજા તબક્કાને મંજૂરી

ભારતમાં આર્થિક બાબતોની કેબિનેટ સમિતિ દ્વારા તાજેતરમાં **પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના**ના **ત્રીજા તબક્કા**ને મંજૂરી આપવામાં આવી છે.



- પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના ત્રીજા તબક્કામાં આગામી **પાંચ વર્ષ** દરમિયાન **રૂ. 80,250 કરોડ**નો ખર્ચ કરવામાં આવશે.
- તેનો સમયગાળો **2019-20થી 2024-25** સુધીનો રહેશે.

- આ યોજના અંતર્ગત કેન્દ્ર રાજ્ય વચ્ચે ખર્ચનો હિસ્સો 60 : 40 રહેશે.
- જ્યારે ઉત્તરપૂર્વના રાજ્યો તથા ત્રણ હિમાલયી રાજ્યો (જમ્મુ કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડ) માટે આ પ્રમાણ 90:10 રહેશે.

**નોંધ :** (1) ભારતમાં આ યોજના 25 ડિસેમ્બર, 2000ના રોજ લોન્ચ કરવામાં આવી હતી.

(2) આ યોજના અંતર્ગત એપ્રિલ 2019 સુધીમાં લગભગ 5,99,090 કિલોમીટર માર્ગનું નિર્માણ કરવામાં આવ્યું છે.

(3) આ યોજનાના ત્રીજા તબક્કામાં ગ્રામીણ કૃષિ બજારો, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ અને હોસ્પિટલો સાથે જોડતા 1.25 લાખ કિમી રસ્તાઓને પહોળા કરવામાં આવશે તેમજ પ્રવર્તમાન ખરાબ રસ્તાઓને રીપેર કરવામાં આવશે.

## ➤ RPF દ્વારા 'ઓપરેશન થર્સ્ટ' લોન્ચ

તાજેતરમાં ભારતમાં Railway Protection Force (RPF) દ્વારા 8-9 જુલાઈ 2019 દરમિયાન 'ઓપરેશન થર્સ્ટ' ચલાવવામાં આવ્યું હતું.

- આ ઓપરેશનનો મુખ્ય ઉદ્દેશ ગેરકાયદેસર રીતે વિવિધ પેકિંગમાં વેચાતી પાણીની બોટલો પર રોક લગાવવાનો હતો.
- રેલવે સુરક્ષા દળ દ્વારા આ ઓપરેશન દિલ્હીથી શરૂ કરવામાં આવ્યું હતું.
- આ ઓપરેશન અંતર્ગત આશરે 69,294 જેટલી ગેરકાયદે વેચાતી પાણીની બોટલો જપ્ત કરવામાં આવી હતી અને આશરે રૂ. 6.8 લાખનો દંડ વસૂલવામાં આવ્યો હતો તથા અનેક લોકોની ધરપકડ કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ICE Questions

1. તાજેતરમાં ભારતીય વાયુસેના દ્વારા ઈઝરાયેલ પાસેથી નીચેનામાંથી કઈ મિસાઈલ ખરીદવા માટે સોદો કરવામાં આવ્યો છે ?
(A) સ્પાઈડર મિસાઈલ (B) સ્પાઈક મિસાઈલ (C) રેપિડ મિસાઈલ (D) સ્પાઈસ મિસાઈલ — **(B)**

2. તાજેતરમાં ભારતે કયા દેશ પાસેથી 'સ્પાઈક મિસાઈલ' ખરીદવા માટે સોદો કર્યો છે ?
(A) રશિયા (B) અમેરિકા (C) ફ્રાન્સ (D) ઈઝરાયેલ — **(D)**

3. તાજેતરમાં ભારતે ઈઝરાયેલ પાસેથી 'સ્પાઈક મિસાઈલ' ખરીદવા માટે સોદો કર્યો છે... સ્પાઈક કયા પ્રકારની મિસાઈલ છે ?
(A) એન્ટી ટેન્ક (B) એન્ટી ટેન્ક ગાઈડેડ
(C) એન્ટી સબમરીન (D) એન્ટી સબમરીન ગાઈડેડ — **(B)**

4. તાજેતરમાં ભારતમાં આર્થિક બાબતોની કેબિનેટ સમિતિ દ્વારા પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના કયા તબક્કાને મંજૂરી આપવામાં આવી છે ?
(A) બીજા (B) ત્રીજા (C) ચોથા (D) ત્રણમાંથી કોઈ નહિ — **(B)**

5. 'પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના'ના ત્રીજા તબક્કાના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
   1. તેમાં અંદાજે રૂ. 80,250 કરોડના ખર્ચે 1.25 લાખ કિમી માર્ગનું કામ થશે.
   2. તેનો સમયગાળો 2019-20થી 2024-25 દરમિયાન પાંચ વર્ષનો છે.
   3. તેમાં કેન્દ્ર રાજ્ય વચ્ચે ખર્ચનો હિસ્સો 40 : 60 છે.

   Ans : (A) 1, 2, 3 (B) 2, 3 (C) 1, 2 (D) 1, 3 **(C)**

6. ભારતમાં 'પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના'નો પ્રારંભ ક્યારથી થયો હતો ?
   (A) ડિસેમ્બર, 2000 (B) ડિસેમ્બર, 2001 (C) ડિસેમ્બર, 2002 (D) ડિસેમ્બર, 2003 **(A)**

7. ભારતમાં જુલાઈ 2019 દરમિયાન રેલવે સુરક્ષા દળ (RPF) દ્વારા ગેરકાયદેસર રીતે વિવિધ પેકિંગોમાં વેચાતી પાણીની બોટલો પર રોક લગાવવા માટે કયું ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું ?
   (A) ઓપરેશન વોટર (B) ઓપરેશન ગ્રીન
   (C) ઓપરેશન થર્સ્ટ (D) ઓપરેશન મિનરલ વોટર **(C)**

8. જુલાઈ 2019 દરમિયાન રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF) દ્વારા ભારતમાં ક્યાંથી 'ઓપરેશન થર્સ્ટ' લોન્ચ કરવામાં આવ્યું હતું ?
   (A) મુંબઈ (B) દિલ્હી (C) કોલકાતા (D) બેંગાલુરુ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ONE LINER
## CURRENT AFFAIRS

## ભારત

### ➤ ભારત સરકારના પ્રકાશન વિભાગ દ્વારા 'ગીત રામાયણ'નું હિન્દીમાં રૂપાંતર

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી શ્રી પ્રકાશ જાવડેકરે કરેલી જાહેરાત અનુસાર મરાઠી ભાષાના 56 ગીતોના સંગ્રહ 'ગીત રામાયણ'નું હિન્દી ભાષામાં રૂપાંતર કરવામાં આવશે. શ્રી જી.ડી. મડગુલકર દ્વારા લિખિત અને શ્રી સુધીર ફડકેની સંગીત રચનાવાળા 'ગીત રામાયણ'ના ગીતોને 'મરાઠી સુગમ સંગીતનું માઈલ સ્ટોન' અને 'રામાયણનું સૌથી લોકપ્રિય મરાઠી વર્ઝન' માનવામાં આવે છે.

### ➤ ઉત્તરાખંડમાં Indian Coast Guardનું પાંચમું ભરતી કેન્દ્ર ખોલવામાં આવશે

તાજેતરમાં ઉત્તરાખંડના મુખ્યમંત્રી શ્રી ત્રિવેન્દ્ર સિંહ રાવતે ઉત્તરાખંડમાં Indian Coast Guard (ભારતીય તટરક્ષક દળ)ના પાંચમા ભરતી કેન્દ્રનો શિલાન્યાસ કર્યો છે. ઉત્તરાખંડના દહેરાદૂનના કોનવાલા (હરડવાલા) ખાતે આ ભરતી કેન્દ્રની સ્થાપના કરવામાં આવશે. નોઈડા, મુંબઈ, ચેન્નાઈ અને કોલકાતા બાદ આ ઈન્ડિયન કોસ્ટ ગાર્ડનું પાંચમું ભરતી કેન્દ્ર હશે.

### ➤ ઓપરેશન સુદર્શન

1 થી 15 જુલાઈ 2019 દરમિયાન ભારતમાં BSF (Border Security Force) દ્વારા પંજાબ અને જમ્મુમાં ભારત પાકિસ્તાનની સરહદ પર 'ઓપરેશન સુદર્શન'નું આયોજન કરવામાં આવ્યું છે. 'ઓપરેશન સુદર્શન'નો મુખ્ય ઉદ્દેશ પાકિસ્તાન સાથેની સરહદ પર 'ઘૂસણખોરી રોકવા માટેની ગ્રીડ'ને મજબૂત કરવાનો છે.

### ➤ SEBI Actમાં સુધારો કરવામાં આવ્યો

તાજેતરમાં ભારતમાં Finance Bill 2019 અનુસાર SEBI Actમાં એક નવું સેક્શન '15HAA' ઉમેરવામાં આવ્યું છે. આ સેકશન અંતર્ગત હવે ઈલેક્ટ્રોનિક ડેટાબેઝમાં છેડછાડ કરનાર બ્રોકર વિરુદ્ધ SEBI રૂ. 1 કરોડ સુધીનો દંડ ફટકારી શકશે. SEBIનું પૂરું નામ Securities and Exchange Board of India છે.

### ➤ પાકિસ્તાની વસ્તુઓ પર 200% આયાત ડ્યુટી લગાવવાના પ્રસ્તાવને મંજૂરી

તાજેતરમાં ભારતના રાજ્યકક્ષાના નાણા મંત્રી શ્રી અનુરાગ ઠાકુરે પાકિસ્તાનથી ભારતમાં આયાત થતી તમામ પાકિસ્તાની વસ્તુઓ પર 200 ટકા આયાત ડ્યુટી લાદવા માટે ભારતની સંસદમાં એક પ્રસ્તાવ રજૂ કર્યો હતો. આ પ્રસ્તાવને ભારતીય સંસદે મંજૂરી આપી દીધી છે.

### ➤ હ્યુન્ડાઈ દ્વારા ભારતની પ્રથમ ઈલેક્ટ્રીક SUV કાર લોન્ચ

Hyundai Motor India Ltd. દ્વારા તાજેતરમાં 'KONA' નામની ભારતની પ્રથમ ઈલેક્ટ્રીક SUV (Sport Utility Vehicle) કાર લોન્ચ કરવામાં આવી છે. આશરે 25.30 લાખ કિંમતની આ કાર એક વખતના ચાર્જિંગમાં 452 કિલોમીટર સુધીની સફર કરી શકે છે. 39.2 kwh એડવાન્સ્ડ લિથિયમ પોલિમર બેટરી ધરાવતી આ કાર માત્ર 9.7 સેકન્ડમાં 0 થી 100 કિમી પ્રતિ કલાક સુધીની સ્પીડ પકડી શકે છે તેવો કંપની દ્વારા દાવો કરવામાં આવ્યો છે.

### ➤ ગરીબીનો સામનો કરી રહેલા પદ્મ પુરસ્કાર વિજેતાઓને ઓડિશા સરકાર માસિક ભથ્થું આપશે

તાજેતરમાં ભારતમાં ઓડિશાની સરકાર દ્વારા ગરીબીનો સામનો કરી રહેલા ઓડિશાના પદ્મ પુરસ્કાર વિજેતાઓને દર મહિને રૂ. 10,000 આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. તાજેતરમાં ઓડિશાના ચાર પદ્મ શ્રી વિજેતાઓ તેમની ગરીબીને કારણે સમાચાર માધ્યમોમાં ચર્ચામાં હતા. આથી, આ મુદ્દે ઓડિશા સરકારે ઉપરોક્ત નિર્ણય કર્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વિશ્વ

### ➤ શ્રીલંકામાં ભારતની મદદથી નિર્માણ પામેલા પ્રથમ આદર્શ ગામનું ઉદ્ઘાટન

તાજેતરમાં શ્રીલંકામાં ભારતની મદદથી નિર્માણ પામેલા પ્રથમ આદર્શ ગામનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. શ્રીલંકાના ગામપાહા જિલ્લામાં આવેલા આ પ્રથમ આદર્શ ગામનું નામ રાનિદુગામા છે. ભારત અને શ્રીલંકા વચ્ચે ભારતની મદદથી શ્રીલંકામાં 100 આદર્શ ગામ બનાવવા માટે કરાર થયા છે.

### ➤ WEFના ગ્લોબલ લાઈટહાઉસ નેટવર્કમાં સમાવેશ પામનાર ભારતનો પ્રથમ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ

તાજેતરમાં ભારતમાં ઓડિશા ખાતે આવેલા ટાટા સ્ટીલ કલિંગનગર પ્લાન્ટનો વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF)ના ગ્લોબલ લાઈટહાઉસ નેટવર્કમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ સાથે જ ટાટા સ્ટીલ કલિંગનગર પ્લાન્ટ WEFના ગ્લોબલ લાઈટહાઉસ નેટવર્કમાં સમાવેશ પામનાર ભારતનો પ્રથમ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ બની ગયો છે. ચોથી ઔદ્યોગિક ક્રાંતિ ટેક્નોલોજીમાં અગ્રણી કામગીરીને આધારે કોઈ પ્લાન્ટનો લાઈટહાઉસ નેટવર્કમાં સમાવેશ કરવામાં આવે છે.

## ICE Questions

- ભારત સરકારના પ્રકાશન વિભાગ દ્વારા તાજેતરમાં કઈ ભાષાના 56 ગીતોના સંગ્રહ 'ગીત રામાયણ'નું હિન્દીમાં રૂપાંતર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ? – મરાઠી
- તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં Indian Coast Guard અથવા તો ભારતીય તટ રક્ષક દળના પાંચમા ભરતી કેન્દ્રનો શિલાન્યાસ કરવામાં આવ્યો છે ? – ઉત્તરાખંડ
- જુલાઈ 2019 દરમિયાન BSF દ્વારા પંજાબ અને જમ્મુમાં પાકિસ્તાન સાથેની સરહદ પર ઘૂસણખોરી રોકવા માટેની ગ્રીડને મજબૂત કરવા માટે કયું ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું ? – ઓપરેશન સુદર્શન
- SEBI Actમાં નવા ઉમેરાયેલા સેકશન '15HAA' અંતર્ગત હવે ઈલેકટ્રોનિક ડેટાબેઝમાં છેડછાડ કરનાર બ્રોકર વિરુદ્ધ કેટલા રૂપિયા સુધીનો દંડ ફટકારી શકાશે ? – રૂ. 1 કરોડ
- તાજેતરમાં કયા દેશમાંથી આયાત થતી તમામ વસ્તુઓ પર 200 ટકા આયાત ડ્યુટી લાદવાના પ્રસ્તાવને ભારતીય સંસદે મંજૂરી આપી દીધી છે ? – પાકિસ્તાન
- તાજેતરમાં પાકિસ્તાનમાંથી આયાત થતી તમામ વસ્તુઓ પર કેટલા ટકા આયાત ડ્યુટી લાદવાના પ્રસ્તાવને ભારતીય સંસદે મંજૂરી આપી દીધી છે ? – 200 ટકા
- તાજેતરમાં કઈ કંપની દ્વારા ભારતની પ્રથમ ઈલેકટ્રીક SUV કાર લોન્ચ કરવામાં આવી છે ? – હ્યુન્ડાઈ (હ્યુન્ડાઈ મોટર ઈન્ડિયા લિમિટેડ)
- તાજેતરમાં હ્યુન્ડાઈ દ્વારા લોન્ચ કરવામાં આવેલી ભારતની પ્રથમ ઈલેકટ્રીક SUV કારનું નામ શું છે ? – KONA
- હ્યુન્ડાઈ દ્વારા લોન્ચ કરવામાં આવેલી ઈલેકટ્રીક કાર 'KONA' એક વખતના ચાર્જિંગમાં કેટલા કિલોમીટર સુધીની સફર કરી શકે છે ? – 452
- તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં પદ્મ પુરસ્કાર વિજેતાઓને માસિક રૂ. 10,000 ભથ્થું આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ? – ઓડિશા
- તાજેતરમાં કયા દેશમાં ભારતની મદદથી નિર્માણ પામેલા પ્રથમ આદર્શ ગામનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું છે ? – શ્રીલંકા
- તાજેતરમાં શ્રીલંકામાં ભારતની મદદથી નિર્માણ પામેલા કયા પ્રથમ આદર્શ ગામનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું છે ? – રાનિદુગામા
- WEFના ગ્લોબલ લાઈટહાઉસ નેટવર્કમાં સમાવેશ પામનાર ભારતના પ્રથમ મેન્યુફેકચરિંગ પ્લાન્ટનું નામ શું છે ? – ટાટા સ્ટીલ કલિંગનગર પ્લાન્ટ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. ઓછા ખર્ચે જંતુનાશક દવાનો છંટકાવ કરવા માટે તાજેતરમાં GCSR ઓથોરિટી દ્વારા ગુજરાતના કયા તાલુકામાં ડ્રોન ટેક્નોલોજીની મદદથી જંતુનાશક દવાના છંટકાવનો પ્રથમ પ્રયોગ કરવામાં આવ્યો હતો ?
– સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકામાં

2. તાજેતરમાં ગુજરાતના કયા યાત્રાધામમાં રૂા. 5.31 કરોડના ખર્ચે તૈયાર થયેલ આરામગૃહનું નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું છે ? – દ્વારકા

3. તાજેતરમાં ગુજરાતની સાબરમતી જેલમાં કોના સ્મૃતિ ખંડોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે ?
– શ્રી ઝવેરચંદ મેઘાણી અને શ્રી રવિશંકર મહારાજ

4. ભારતમાં વર્ષ 2025 સુધીમાં ટીબીના ઉન્મૂલન માટે વર્લ્ડ બેન્ક સાથે તાજેતરમાં કેટલા ડોલરની લોન માટે સમજૂતી કરવામાં આવી છે ? – 400 મિલિયન ડોલર

5. ભારતમાં વર્ષ 2025 સુધીમાં ટીબીના ઉન્મૂલન માટે વર્લ્ડ બેન્ક સમર્થિત કાર્યક્રમ અંતર્ગત ભારતના કેટલા રાજ્યોને કવર કરવામાં આવ્યા છે ? – 9 (નવ)

6. ભારત સરકારના નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય દ્વારા તાજેતરમાં કયા સમય દરમિયાન 'સ્વચ્છતા પખવાડિયા'ની ઉજવણી કરવામાં આવી હતી ? – 1 જૂનથી 15 જૂન

7. 'વર્લ્ડ ઝૂનોસિસ ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ? – 6 જુલાઈ

8. પશુઓમાંથી માણસોમાં અથવા માણસોમાંથી પશુઓને થતા રોગોને કયા રોગો તરીકે ઓળખવામાં આવે છે ?
– ઝૂનોસિસ રોગો

9. તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ બ્રાહ્મણવાડા ખાતે નિર્માણ પામનાર કયા APMC માર્કેટના નવા યાર્ડનું ખાતમુહૂર્ત કર્યું છે ? – ઊંઝા APMC માર્કેટ

10. 'અમેરિકા – ઈન્ડિયા સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ ફોરમ' (USISPF) દ્વારા તાજેતરમાં કયા ભારતીયને વર્ષ 2019ના ગ્લોબલ એક્સીલેન્સ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે ?
– શ્રી અજય બંગા (માસ્ટર કાર્ડના CEO) અને શ્રી અઝીમ પ્રેમજી (વિપ્રોના ચેરમેન)

11. વિવિધ સમસ્યાઓ અંગે પોતાની ફરિયાદ નોંધાવવા માટે તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં ટોલ ફ્રી 'CM હેલ્પલાઈન નંબર 1076' લોન્ચ કરવામાં આવ્યો છે ? – ઉત્તરપ્રદેશ

12. કોઈ એક જ ક્રિકેટ વર્લ્ડ કપમાં પાંચ સદી ફટકારવાનો રેકોર્ડ બનાવનાર ક્રિકેટરનું નામ શું છે ? – શ્રી રોહિત શર્મા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

13. ક્રિકેટ વર્લ્ડ કપના ઈતિહાસમાં વર્લ્ડ કપની મેચ દરમિયાન સૌથી વધુ કુલ 6 સદી ફટકારનાર ક્રિકેટરનું નામ શું છે ? – શ્રી રોહિત શર્મા અને શ્રી સચિન તેંડુલકર
14. તાજેતરમાં વિશ્વના કયા શહેરમાં પ્લાસ્ટિકની 20 લાખ રિસાઈકલ્ડ બોટલોમાંથી વિશ્વની સૌથી ઊંચી બેગ બનાવવામાં આવી છે કે જેને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સામેલ કરાઈ છે ? – બ્રેડફોર્ડ ઓન એવન (ઈંગ્લેન્ડ)
15. તાજેતરમાં ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી એમ. વેંકૈયા નાયડુએ શ્રી આદિ શંકરાચાર્યની સૂક્તિઓના સંકલન સ્વરૂપ કયા પુસ્તકનું વિમોચન કર્યું છે ? – વિવેકદીપની
16. ઈરાકના કયા પ્રસિદ્ધ પ્રાચીન નગરનો હાલ યુનેસ્કોની વર્લ્ડ હેરીટેજ સાઈટમાં સમાવેશ થયો છે ? – બેબીલોન
17. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલી 'Lessons Life Taught Me, Unknowingly' કોની આત્મકથા છે ? – શ્રી અનુપમ ખેર
18. તાજેતરમાં કયા દેશમાં પુરાતાત્ત્વીક ઉત્ખનન દરમિયાન ભગવાન શ્રી રામ ચંદ્રજી અને શ્રી હનુમાનજીનું 4000 વર્ષથી વધુ જૂનું ભીંત ચિત્ર મળી આવ્યું છે ? – ઈરાક
19. વિશ્વ ભરમાંથી લુપ્ત થઈ ગયેલી વાંદરાઓની એક 'ચંબા સેક્રેડ લંગૂર' નામની પ્રજાતિ તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં ફરીથી જોવા મળી છે ? – હિમાચલ પ્રદેશ
20. ક્રિકેટ વર્લ્ડકપમાં સતત 5 અડધી સદી ફટકારનાર વિશ્વના પ્રથમ કેપ્ટનનું નામ શું છે ? – શ્રી વિરાટ કોહલી
21. તાજેતરમાં આસામ બાદ ભારતના કયા રાજ્ય દ્વારા NRC (National Register of Citizens) ની યાદી અપડેટ કરવાનો નિર્ણય કર્યો છે ? – નાગાલેન્ડ
22. તાજેતરમાં અમેરિકાએ પાકિસ્તાન સ્થિત કયા સંગઠનનો વૈશ્વિક આતંકવાદી જૂથોની યાદીમાં સમાવેશ કર્યો છે ? – બલૂચ લિબરેશન આર્મી (BLA)
23. તાજેતરમાં ભારતમાં કયા રાજ્યની સરકાર દ્વારા રાજ્યમાં તમામ પ્રકારના સરકારી સંવાદોમાં 'અધર જેન્ડર' અથવા 'થર્ડ જેન્ડર'ની જગ્યાએ ફક્ત 'ટ્રાન્સજેન્ડર' શબ્દનો પ્રયોગ કરવાની જાહેરાત કરવામાં આવી છે ? – કેરળ
24. એરપોર્ટ પર પશુપક્ષીઓને ભગાડવા તેમજ રનવે ઈન્સ્પેક્શનનું કામ કરવા માટે તાજેતરમાં ભારતના કયા એરપોર્ટ પર સૌપ્રથમ વખત દેશના પ્રથમ રોબોટનું પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું ? – વડોદરા એરપોર્ટ
25. 'ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન' (ILO) દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા 'વર્કિંગ ઓન અ વાર્મર પ્લાનેટ' રિપોર્ટ અનુસાર હીટ સ્ટ્રેસને કારણે વર્ષ 2030 સુધીમાં કામદારોના કુલ કામકાજના કલાકોમાં સૌથી વધુ ઘટાડો કયા દેશમાં થશે ? – ભારત
26. 'આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન'(ILO) દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા 'વર્કિંગ ઓન અ વાર્મર પ્લાનેટ' નામના રિપોર્ટ અનુસાર હીટ સ્ટ્રેસને કારણે વર્ષ 2030 સુધીમાં ભારતમાં કામદારોના કુલ કામકાજના કલાકોમાં કેટલા ટકાનો ઘટાડો થશે ? – 5.8 ટકા
27. ભારત સરકારે 8 થી 12 જુલાઈ 2019 દરમિયાન 'સોવરેન ગોલ્ડ બોન્ડ'નું પ્રતિગ્રામ મૂલ્ય કેટલું નક્કી કર્યું છે ? – રૂા. 3,443
28. ભારત સરકારે કરેલી જાહેરાત અનુસાર 'સોવરેન ગોલ્ડ બોન્ડ'ની ઓનલાઈન અથવા ડિજિટલ પેમેન્ટના માધ્યમથી ખરીદી પર પ્રતિગ્રામ કેટલા રૂપિયા ડિસ્કાઉન્ટ આપવામાં આવશે ? – રૂા. 50

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

29. નવેમ્બર, 2015માં લોન્ચ થયેલી 'સોવરેન ગોલ્ડ બોન્ડ' સ્કીમ અંતર્ગત ઓછામાં ઓછા કેટલા ગ્રામ સોનાનો બોન્ડ ખરીદી શકાય છે ? – 1 ગ્રામ

30. તાજેતરમાં ભારતના કયા રાજ્ય અથવા તો કેન્દ્રશાસિત પ્રદેશની સરકારે 'બાઈસિકલ શેરિંગ સ્કીમ' (સાઈકલ શેર કરવાની યોજના) શરૂ કરવાનો નિર્ણય કર્યો છે ? – પુડુચેરી

31. તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં દુષ્કાળની સમસ્યાના ઉકેલ માટે દમણગંગા – પિંજલ ઈન્ટરલિંકિંગ પ્રોજેક્ટ શરૂ કરવાની વિચારણા ચાલે છે ? – મહારાષ્ટ્ર

32. તાજેતરમાં ભારતની કઈ કંપનીએ ભારતમાં સૌપ્રથમ વખત 'ડિજિટલ સાક્ષરતા અભિયાન' ચલાવવા માટે ફેસબૂક સાથે સમજૂતી કરી છે ? – રિલાયન્સ જિઓ

33. રિલાયન્સ જિઓ દ્વારા ભારતમાં શરૂ થનાર સૌપ્રથમ વખત 'ડિજિટલ સાક્ષરતા અભિયાન'ને શું નામ આપવામાં આવ્યું છે ? – ડિજિટલ ઉડાન

34. બ્રહ્મોસ એરોસ્પેસના CEO શ્રી સુધીર કુમાર મિશ્રાએ તાજેતરમાં આપેલી માહિતી અનુસાર બ્રહ્મોસ મિસાઈલની રેન્જ 290 કિલોમીટરથી વધારીને હવે કેટલી કરવામાં આવી છે ? – 500 કિલોમીટર

35. તાજેતરમાં ભારતના કયા રાજ્યની પોલીસ દ્વારા જાન્યુઆરી 2019 થી જૂન 2019 સુધીમાં 'ઓપરેશન મિલાપ' અંતર્ગત જુદા જુદા કારણોથી પરિવારથી અલગ થઈ ગયેલા 333 બાળકોને તેના પરિવારજનોને સોંપવામાં આવ્યા છે ? – દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચની ટીમ દ્વારા

36. તાજેતરમાં દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચની ટીમ દ્વારા કઈ યોજના અંતર્ગત ઘરેથી ભાગેલા, રસ્તો ભૂલી ગયેલા કે ભૂલથી દિલ્હીની ટ્રેનમાં બેસી ગયેલા .... જેવા વિવિધ કારણોને લીધે પરિવારથી અલગ થઈ ગયેલા 333 બાળકોનું તેમના પરિવાર સાથે મિલન કરાવવામાં આવ્યું છે ? – ઓપરેશન મિલાપ

37. તાજેતરમાં પેરુને હરાવીને કયા દેશે કોપા અમેરિકા (ફૂટબોલ કપ) 2019 નવમી વખત જીતી લીધો છે ? – બ્રાઝિલ

38. તાજેતરમાં જુલાઈ 2019 દરમિયાન કયા દેશ દ્વારા એક સાથે 33 ઉપગ્રહો લોન્ચ કરવામાં આવ્યા છે ? – રશિયા

39. તાજેતરમાં જુલાઈ 2019 દરમિયાન રશિયા દ્વારા કયા રોકેટની મદદથી એક સાથે 33 ઉપગ્રહ લોન્ચ કરવામાં આવ્યા છે ? – Soyuz - 2.1a

40. તાજેતરમાં પાકિસ્તાનના કયા ક્રિકેટરે વન ડેમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે ? – શોએબ મલેક

41. તાજેતરમાં જાપાનના કયા અવકાશયાને રયુગુ નામના ક્ષુદ્રગ્રહ પર સફળતાપૂર્વક લેન્ડિંગ કર્યું છે ? – હાયાબુસા 2

42. CBRE દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા Global Prime Ofice Occupancy Costs Survey અનુસાર વિશ્વના સૌથી મોંઘા દસ કાર્યસ્થળોમાંથી ભારતના કયા એક સ્થળનો (નવમા ક્રમે) સમાવેશ થયો છે કે જેનું પ્રતિ સ્કવેર ફૂટ ભાડુ 144 ડોલર (આશરે 9,841 રૂપિયા) છે ? – કનોટ પ્લેસ (નવી દિલ્હી)

43. CBRE દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા Global Prime Office Occupancy Costs Survey અનુસાર વિશ્વનું સૌથી મોંઘુ કાર્યસ્થળ કયું છે કે જેનું પ્રતિ સ્કવેર ભાડુ 22,012 રૂપિયા છે ? – હોંગકોંગ સેન્ટ્રલ બિઝનેસ ડિસ્ટ્રીક્ટ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

44. તાજેતરમાં ભારત અને રશિયા વચ્ચે બીજા સ્ટ્રેટેજિક ઈકોનોમિક ડાયલોગનું આયોજન ક્યાં થયું હતું ?– નવી દિલ્હી

45. તાજેતરમાં અમેરિકાની કઈ મલ્ટિનેશનલ IT કંપનીએ 34 અબજ ડોલર જેટલી ઊંચી રકમ ચૂકવીને અમેરિકાની રેડ હેટ (Red Hat) નામની મલ્ટિનેશનલ સોફ્ટવેર કંપની ખરીદી લીધી છે ?

– IBM (International Business Machines)

46. ભારતના પંજાબમાંથી શિખો માટે 'ખાલિસ્તાન' નામના સ્વતંત્ર રાષ્ટ્રના નિર્માણ માટે અમેરિકામાંથી ઓનલાઈન અભિયાન ચલાવી રહેલા અમેરિકા બેઝ્ડ કયા ખાલિસ્તાન સમર્થક સંગઠન પર તાજેતરમાં ભારત સરકારે પ્રતિબંધ મૂકયો છે ? – ધ સિખ્સ ફોર જસ્ટિસ (The Sikhs for Justice)

47. તાજેતરમાં કયા દેશે વર્ષ 2020થી વિમાનની ટિકિટ પર ગ્રીન ટેક્સ લેવાની જાહેરાત કરી છે ? – ફ્રાન્સ

48. ભારતમાં 1 ઓગસ્ટ 2019ના રોજ 'વીમેન સ્ટાર્ટઅપ સમિટ 2019'નું આયોજન કઈ જગ્યાએ કરવામાં આવશે ?

– કોચિ, કેરળ

49. તાજેતરમાં ભારતમાં આસામના કયા જિલ્લામાં કેદીઓ માટે ત્રણ મહિનાનો સ્કીલ ડેવલપમેન્ટ ટ્રેઈનિંગ પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો છે ? – બોંગાઈગાંવ જિલ્લામાં

50. કોર્ટમાં ગવાહી આપનાર સાક્ષીઓ (witness)ની સુરક્ષા માટે કેન્દ્ર સરકારે 2018માં શરૂ કરેલી 'સાક્ષી સુરક્ષા યોજના' તાજેતરમાં ભારતના કયા રાજ્યની સરકાર દ્વારા લાગુ કરવામાં આવી છે ? – ઓડિશા

51. તાજેતરમાં ભારતના કયા ફૂટબોલરે AIFF (All India Football Federation)નો 'પ્લેયર ઓફ ધ યર' એવોર્ડ રેકોર્ડ છઠ્ઠી વખત જીત્યો છે ? – શ્રી સુનિલ છેત્રી

52. ભારત તરફથી સૌથી વધુ 109 ફૂટબોલ મેચ રમવાનો રેકોર્ડ ધરાવતા શ્રી સુનિલ છેત્રી ભારતના કયા રાજ્યના ફૂટબોલ ખેલાડી છે ? – તેલંગાણા

53. ભારતમાં હાથીઓને રેલવે ટ્રેકથી દૂર રાખવા માટે મધમાખીઓનો અવાજ કરતા ડિવાઈસ લગાવવાની ઉત્તર પૂર્વી સીમાન્ત રેલવે દ્વારા શરૂ કરવામાં આવેલી કઈ પહેલને તાજેતરમાં ભારતીય રેલવેનો 'બેસ્ટ ઈનોવેશન એવોર્ડ' એનાયત થયો છે ? – પ્લાન બી

54. ભારતમાં ઉત્તર પૂર્વી સીમાન્ત રેલવે દ્વારા હાથીઓને રેલવે ટ્રેકથી દૂર રાખવા માટે મધમાખીઓનો અવાજ કરતું સૌપ્રથમ ડિવાઈસ ક્યાં લગાવવામાં આવ્યું હતું ? – આસામના ગુવાહાટી પાસે રાણી રિઝર્વ ફોરેસ્ટમાં

55. તાજેતરમાં ભારતમાં 'ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિયેશન -DGCA' (નગર વિમાન નિર્દેશાલય)ના મહાનિર્દેશક (Director General) તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી અરૂણ કુમાર

56. તાજેતરમાં ભારતમાં RBI (રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા) દ્વારા RBIના રેગ્યુલેશન અને સુપરવિઝનમાં સુધારો કરવા માટે આગામી ત્રણ વર્ષ માટે બનાવવામાં આવેલા રોડમેપને શું નામ આપવામાં આવ્યું છે ? – ઉત્કર્ષ 2022

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

57. ભારતમાં 'પ્રધાનમંત્રી જન ધન યોજના' અંતર્ગત ખોલાયેલા બેન્ક ખાતાઓમાં જમા રકમ જુલાઈ 2019 દરમિયાન વધીને કેટલી થઈ ગઈ છે ? – 1 લાખ કરોડથી વધુ

58. જુલાઈ 2019 દરમિયાન ગ્રીસના નવા વડાપ્રધાન તરીકે કોણે પદભાર સંભાળ્યો છે ?

– શ્રી કિરિયાકોસ મિત્સોતાકિસ (Kyriakos Mitsotakis)

59. તાજેતરમાં શ્રી કિરિયાકોસ મિત્સોતાકિસ ગ્રીસના નવા વડાપ્રધાન બન્યા છે...તેમના પક્ષનું નામ શું છે ?

– ન્યુ ડેમોક્રેસી

60. તાજેતરમાં કર્ણાટક સરકાર દ્વારા સૌર ઉર્જાને પ્રોત્સાહન આપવા માટે ભારતના કયા પ્રસિદ્ધ એન્જિનિયરના નામથી સોલાર એવોર્ડ આપવાની જાહેરાત કરવામાં આવી છે ? – શ્રી એમ. વિશ્વેશ્વરૈયા

61. તાજેતરમાં કર્ણાટક સરકારે સૌર ઉર્જાને પ્રોત્સાહન આપવા માટે શ્રી એમ. વિશ્વેશ્વરૈયાના નામ પરથી કયો સોલાર એવોર્ડ આપવાની જાહેરાત કરી છે ? – આઈસા કર્ણાટકા વિશ્વેશ્વરૈયા

62. કર્ણાટક સરકાર અગાઉ ભારતમાં સૌપ્રથમ હરિયાણા સરકાર દ્વારા સોલાર ઉર્જાને પ્રોત્સાહન આપવા માટે કયો સોલાર એવોર્ડ શરૂ કરવામાં આવ્યો હતો ? – આઈસા હરિયાણા કલ્પના ચાવલા સોલાર એવોર્ડ

63. તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં નવી સ્થપાનાર ખાનગી કંપનીમાં રાજ્યના યુવાનો માટે 70 ટકા નોકરી અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવશે એવી જાહેરાત કરવામાં આવી છે ? – મધ્યપ્રદેશ

64. બાળકો સાથે થતી જાતીય સતામણીના કિસ્સામાં મૃત્યુદંડની સજાની જોગવાઈ કરવા માટે તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટ દ્વારા કયા એકટમાં સુધારાને મંજૂરી આપવામાં આવી છે ?

– Protection of Children from Sexual Offences Act, 2012 (POCSO Act, 2012)

65. તાજેતરમાં બાંગ્લાદેશના વડાપ્રધાન શ્રીમતી શેખ હસીનાએ મ્યાનમારના કયા પ્રાંતને બાંગ્લાદેશમાં વિલીન કરવાના એક અમેરિકન સાંસદના પ્રસ્તાવનો અસ્વીકાર કર્યો છે ? – રખાઈન

66. તાજેતરમાં ભારતમાં બિહાર બાદ હવે ભારતના બીજા કયા રાજ્યમાં જાપાની ઈન્સેફેલાઈટિસ (JE) નામના તાવના દર્દીઓ જોવા મળ્યા છે ? – આસામ

67. સંયુક્ત રાષ્ટ્રની ઈન્ટરનેશનલ એટમિક એનર્જી એજન્સી (IAEA) દ્વારા તાજેતરમાં કયા દેશ પર સમજૂતીથી વધુ યુરેનિયમના સંવર્ધનનો આરોપ મૂકવામાં આવ્યો છે ? – ઈરાન

68. તાજેતરમાં કયા દેશની સરકારે સુરક્ષા કારણોને લીધે સરકારી કાર્યાલયોમાં બુરખા પર અથવા તો મોઢુ ઢાંકીને સરકારી કાર્યાલયમાં જવા પર પ્રતિબંધ મૂકી દીધો છે ? – ટયૂનીશિયા

69. તાજેતરમાં ભારતના તેલંગાણામાં જાપાની વૃક્ષારોપણ પદ્ધતિ 'મિયાવાકી પદ્ધતિ'ને આધારે શહેરી ક્ષેત્રોમાં વૃક્ષારોપણને પ્રોત્સાહન આપવા કઈ યોજના શરૂ કરવામાં આવી છે ? – તેલંગાણા કુ હરિતા હરમ યોજના

દરેક પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી ફ્રી ઓનલાઈન મટીરિયલ્સની માહિતી માટે icerajkot PAGE LIKE કરો.

FACEBOOK
icerajkot

આ મેગેઝિન ફ્રી મેળવવા માટે અમારી નવી AUTHENTIC TELEGRAM CHANNEL

(t.me / icerajkotofficial)
આજે જ JOIN કરો.




## ALL TYPE OF COMPETITIVE EXAMS

| | | | |
|---|---|---|---|
| GPSC | SBI | PSI | TALATI |
| UPSC | PO | PI | Dy. S.O. |
| IBPS | CLERK | CONSTABLE | Dy. MAMLATDAR |

- સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાતો દ્વારા અભ્યાસ.
- ગણિત, ENGLISH, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા.
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી.
- જરૂરી અને મર્યાદિત વાંચનના માધ્યમથી પરીક્ષાલક્ષી અને પરિણામલક્ષી તૈયારી.
- વ્યૂહાત્મક તૈયારી માટે અલ્ટ્રાપ્લાનિંગ.
- અનુભવી નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલું ટુ ધી પોઈન્ટ અપડેટેડ સ્ટડી મટીરિયલ્સ.
- સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ.